





રગશિયું ગાડું તંત્રનું એમનાથી માંડ ચાલે છે
કાયદો અને વ્યવસ્થા પણ સાવ અદ્ધર - તાલે છે
એમાં વલા છે કઇ! 'ડિઝાસ્ટર'ને 'રેસ્ક્યુ ઓપરેશન'-
મળી રાહત કરોડોની એ જ 'રાહત' મોટી, ભાલે છે!
(તંત્ર હવે 'ઉત્સાહથી' કામ કરશે)




સાફ કરી લ્યો!
પહેલાં અંદરના
તમારા મેલ!
(મનપા સફાઇ ઝુંબેશ)

રૂઠ્યા પછી જ
જાય છે મનાવવા -
એની પ્રણાલી..
(મા.મોદી હવે કેદાર મૂલાકાત)

## ચિંતન

**રે રે ચાતક સાવધાન મનસા મિત્ર ક્ષણમ્ શ્રૂયતામ્ અંભોદા બહવો હિ સન્તિ ગગને સર્વેઅપિ નૈતા દૃશાઃ ॥
કેચિદ્ વૃષ્ટિ ભિરાર્દ્રયન્તિ ધરણિં ગર્જાન્તિ કેચિદ્ વૃથા યં યં પશ્યતિ તસ્ય તસ્ય પુરતો મા બ્રૂહિ દીનં વચઃ ॥**

'અરે મિત્ર ચાતક! મનને સાવધાન કરી બે મિનિટ હું કહું તે જરા સાંભળ! આકાશમાં વાદળાં તો અનેક છે. કેટલાંક વાદળ પાણીથી ભરપૂર છે અને પૃથ્વીને ભીંજવી નાખવા માટે સક્ષમ છે, જયારે કેટલાંક તો ખાલીખમ અને ખાલીખોટી ગર્જના કરનારાં જ છે માટે હે ચાતક! તું જેને તેને જોઇને બધાંની પાસેથી પાણીના બિંદુની માગણી કરીશ નહિ! ગમે તેની પાસે દીન-વચન બોલી યાચના કરીશ નહીં!'

**અહીં અન્યોક્તિ રચના છે કહેવું કોઇને ને સંભળાવવું કોઇને - સાસુ નણંદને ઠપકો-સલાહ આપે** (પુત્રીને) પણ અણસારો તો પુત્રવધુને જ કરતી હોય તેમ ચાતક ને વાદળના દૃષ્ટાંત દ્વારા દીન-દુખી-ગરીબ યાચકને બોધ આપવામાં આવ્યો છે.

આ સંસારમાં ધનિક-શ્રીમંતો તો અનેક છે કેટલાક લોકો તો હોંશ-ઉત્સાહમાં આવી દાનની રકમ પણ જાહેર કરતાં હોય છે અને માઇક પરથી જાહેરાત કરાવી 'તાળીઓ' પણ પડાવી લેતા હોય છે પણ આપતી વખતે ઠાગાઠૈયા કરે!

જયારે કેટલાક દાનવીર ગુપ્તદાન દ્વારા દાન આપી જતા હોય છે એને નામનાની પણ જરૂર હોતી નથી.

માટે જેની-તેની પાસે યાચના ન કરવી.

## સુવિચાર

- ચાંદમાં ડાઘ જ જોઇએ તો એની રોશનીનું મૂલ્ય કદી સમજાવાનું જ નથી, સવાલ એ છે કે તમે મતલબ શેનાથી છે ડાઘથી કે રોશનીથી **- ગુલાબદાસ બ્રોકર**
- જયાં સુધી માણસ પોતાનાથી અજાણ્યો હોય ત્યાં સુધી એ કોઇને ઓળખી શકતો નથી **- ઇશોપનિષદ**
- સોગંદના આધારે આપણે માણસ પર શ્રદ્ધા રાખતા નથી, પણ માણસને લીધે સોગંધ પર શ્રદ્ધા રાખીએ છીએ **- ગોવિંદ રાનડે**
- જીંદગીને નજીકથી નિહાળવા માટે આપણે આપણી આસપાસના લોકોની જીંદગીને સમજીયે, સ્પર્શીએ તો આપણે આપણી વધુ નિકટ જઇએ છીએ **- હરકિશન મહેતા**
- આપણી પાસે ચાહવા જેવું કશું ના હોય તો આપણે આપણી પાસે જે કંઇ પણ હોય તેને ચાહવું જોઇએ **- વજુ કોટક**
- સાચું સુખ અને ઉત્તમ આનંદ તો માત્ર પુસ્તકો જ આપી શકે છે **- વિવેકાનંદ**

## બોધ કથા

ઘણીવાર, આબરૂ, કુળાભિમાન, પોતાની જીદ, હઠ, સ્વાર્થમાં માણસ વ્યવહારૂ કે બાંધછોડ નથી કરી શકતો. પૈસા માટે માતાપિતાના ખૂન, ભાગ માટે ભાઇ-બહેનોના અબોલા, લગ્નની સંમતિ માટે પુત્ર-પુત્રીથી અબોલા, પુત્ર-પુત્રીના ગૃહત્યાગ - આત્મહત્યા સુધી વાત પહોંચી જાય પછી માતા-પિતાની આંખ ઉઘડે - હૃદય ભીંજાય પણ ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે.

**આવા એક જીદ્દી-સ્વાર્થી માણસને હોસ્પિટલમાંથી રજા મળી ગઇ. ડોકટરોએ હાથ ખંખેરીને કહ્યું ઘેર લઇ જાવ - ધર્મ-ધ્યાન કરાવો.**

પેલા ભાઇ પણ સમજી ગયો. પરિવારમાં પોતાની હઠ-સ્વભાવ ને કારણે જેના-જેનાથી બગાડ્યું હતું તે બધાને બોલાવી માફી માગી સંબંધ સુધાર્યા.

અંતે સ્નેહાળ પુત્રીને બોલાવી - મનપસંદ પાત્ર સાથે, પિતાની સંમતિ વિના લગ્ન કરીને ચાલી ગયેલી પુત્રી સાથે અબોલા હતા. (માની સાથે છૂપો સંબંધ ચાલુ હતો) પુત્રીને બોલાવી પોતાની ભૂલ સ્વીકારી માફી માંગીને પૂછ્યું - બેટા! એકવાર તમે બંને પગે લાગવા આવી ગયાં હોય તો! હું જરૂર માફ કરી દેત!

**પુત્રી કહે - પપ્પા તમારો સ્વભાવ અને જીદ્દે મને રોકી હતી બાકી તમારા ફોટાને હું રોજ વંદન કરી ક્ષમા માગતી જ હતી. પિતા ધ્રૂસકે-ધ્રૂસકે રડ્યા અને વારંવાર ક્ષમા માગી, ને અંતિમ શ્વાસ લીધા.**

E-mail : sureshchandrabhatt18@gmail.com

# બૌદ્ધ ધર્મ અને બુદ્ધના અંગત જીવનને જાણવા ઉત્સુકો માટે તેનો દૃષ્ટિકોણ સમજાવતી જાતક કથાઓ

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

"શસ્ત્રધારી રામ કૃષ્ણ, ઋષિ મુનિઓની કલ્પના સહજ રીતે થઇ શકે પણ શસ્ત્રધારી બુદ્ધની કલ્પના કરી શકાય નહી. બુદ્ધ પોતે ક્ષત્રિય હતા. તેમ છતાં તેમને શસ્ત્ર ત્યાગ કર્યો અને કરાવ્યો તેથી રાષ્ટ્રીય દૃષ્ટિએ શું લાભ થયો કે હાનિ થઇ તે વિચારવા જેવી વાત કહેવાય" સ્વામી સચ્ચિદાનંદજીએ ઉપરોક્ત વાક્યો બુદ્ધજાતક ચિંતન : ૧ નામનાં ગ્રંથમાં આજથી અઢી હજાર વર્ષ પૂર્વે બુદ્ધના જીવનકાળમાં કહેવાયેલી જાતક કથાઓ અંગેની પ્રસ્તુતતા અંગે પ્રશ્નાર્થ મુકીને પછી આ જાતક કથાઓ આજના સંદર્ભે વાચક માટે તેનાં જુદા જુદા મુદ્દાઓ ને અનુલક્ષીને વિભાગવાર અલગ કરી બહુ સરસ રીતે મુકી આપી છે. તે ગ્રંથ વિષે આજે વાત કરીશું.

આ બુદ્ધ જાતક ચિંતન : ૧માં ૧૨૧ જેટલી જાતક કથાઓ આપવામાં આવી છે. આ જાતક કથાઓ કયાંથી આવી? શા માટે કહેવામાં આવી? તેના ઉદ્દેશો અંગેની પૂર્વભૂમિકા પણ સચ્ચિદાનંદજીએ બાંધી આપી છે.

બુદ્ધ પોતાના ભિક્ષુઓનાં વિશાળ સમુદાયને લઇને વિચરણ કરતા. જેની પાસે નાનો-મોટો સમુદાય હોય તેને માનવીય પ્રશ્નો તો હોય જ. પ્રશ્નો હોય અને તેનું સમાધાન ન હોય તો પ્રશ્નો પહેલાં અશાંતિ કરે અને પછી વિનાશ કરે. તેથી નાના મોટા સમુહના વડા એ સમૂહને સાચવવા રોજ પ્રશ્નોનું નિરાકરણ કરતા રહેવું જોઇએ. તો જ તે યોગ્ય મુખી કહેવાય.

બુદ્ધ પાસે મુખ્યતઃ ચાર પ્રશ્નો આવતા

૧. કામવિકારના, ૨. જન્મજાત શત્રુ દેવદત્તના, ૩. ભિક્ષુઓનાં લોભ લાલચના અને, ૪. વૈરાગ્ય ઉતરી જવાના.




કામ વિકાસના પ્રશ્નો સમજતાં પહેલાં એક મહત્વનો મુદ્દો સમજવાં જરૂરી લાગે છે. બૌદ્ધ ધારા શરૂ થઇ તેનાં પહેલાં વૈદિક ધારા પ્રચલિત હતી. તેમાં પરલોક વિષે મુખ્યતઃ બે ધારાઓ હતી. મીમાંસકો (જે સાચા વૈદિક કહેવાતા) અને ૨ સાંખ્ય યોગીઓની.

મીમાંસકો ગૃહત્યાગ કે પત્ની ત્યાગમાં માનતા નહીં. તે લગ્નને અનિવાર્ય માનતા. ગૃહસ્થ થવું જ જોઇએ અને જીવનભર હોમ-હવન યજ્ઞાદિ કર્મકાંડો કરતા રહેવું જોઇએ. પત્ની વિના કર્મકાંડો થઇ શકે નહીં, તેથી પત્ની અનિવાર્ય હતી. આ લોકો સ્વર્ગ તો માનતા પણ મોત્ર ન માનતા. સ્વર્ગ ભોગવી ને પાછો ફરી જન્મ ધારણ થયો. કોઇ જીવાત્મા કાયમ માટે મુક્ત થઇને મોક્ષમાં જતો તે વાત પાછળથી આવી હોય એમ લાગે છે. વૈદિક ધારામાં બીજી જે ધારા હતી તે સાંખ્ય યોગની હતી. તે યજ્ઞયાગાદિ કર્મકાંડને ન માનતા, પણ આન અને ધ્યાનને માનતા. સંસારના સુખોને પણ દુઃખો જ માનતા તેથી ત્યાગમય જીવનને પ્રધાનતા આપતા. આ લોકોએ ગૃહત્યાગ તો સ્વીકાર્યો હતો. તે પણ ૭૫ વર્ષની ઉંમર પછી, પહેલાં નહીં. પણ આ પદ્ધતિ બહુ ચાલી નહીં. કારણ કે બહુ વ્યવહારિક ન લાગી. વૈરાગ્યનો સમય યુવાવસ્થા છે. જે આવે તો ખરો પણ પછી શમી જાય. ઉભરો કાયમી ન રહે. તેથી આ પરંપરામાં યોગી-જ્ઞાનીઓ થતાં પણ તેમના ટોળા ન થતાં. તે બહુ ઓછા રહેતા. બુદ્ધના ગૃહત્યાગ પછી ઘણા સમય સુધી તે પણ આલાપ કાલાપના આશ્રમમાં રહ્યા હતા. આ આલાપ સાંખ્યયોગી હતા. આમ જુઓ તો બુદ્ધ અને મહાવીર બંને ઉપર સાંખ્ય શાસ્ત્રનો પ્રભાવ જોવા મળે છે. સાંખ્ય યોગીઓ યજ્ઞમાં પશુબલિનો વિરોધ કરતા અને અહિંસાવાદી હતા. યમનિયમમાં અહિંસાને પ્રથમ સ્થાન અપાયું છે.

બુદ્ધે ધર્મચક્રનું પ્રવર્તન સારનાથથી શરૂ કર્યું. તેમાં વધુમાં વદુ ભિક્ષુઓ થવાની પ્રક્રિયા શરૂ થઇ. તેનું કારણ જીવનમાં કામ અને અર્થ પ્રત્યે નિષિદ્ધ ભાવ કહી શકાય. ભર જુવાનીમાં રાજકુમાર સિદ્ધાર્થે પત્ની યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કર્યો. પછી બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું હતું. આ બ્લુ પ્રિન્ટ બની હતી. વૈદિક ધારામાં ગૃહત્યાગ કે પત્ની ત્યાગ ન હતો. આ ઋષિ માર્ગ કહેવાતો. ઋષિ માર્ગમાં અર્થ અને કામને પણ ધર્મના નિયંત્રણ સાથે સ્વીકૃતિ મળી હતી. જે શ્રમણ માર્ગનાં ન હતી. તેથી સાધુ ભિક્ષુઓનો મોટો સમુહ થઇ જતો. આ સમુહમાં યુવાનો પણ રહેતા તેથી અવારનવાર કામવાસનાના પ્રસંગો ઘટતા રહેતા જે જાતકોમાં ઘણા આવે છે. જાતકોની કથાઓ મુખ્યત્વે જેતવન, વેલુવન, રાજગૃહ, શ્રાવસ્તી અને કૌશલ રાજયમાં કહેવાઇ છે.

બુદ્ધ આ સ્થળોમાં ભ્રમણ કરતા રહેતા અને તેમની સાથે વિશાળ ભિક્ષુ સમુહ પણ રહેતો. આ સમુહમાં ભિક્ષુણીઓ પણ હોય તેવું જોવા મળ્યું નથી. પાછળથી ભિક્ષુણીઓ થઇ હોય એવું લાગે છે. આટલા મોટા સમુહમાં બધા સંયમથી રહી શકે નહીં. એટલે માનવીય પ્રશ્નો ઉભા થાય જ. જેમ આજે પણ થાય છે. પરંતુ ત્યારે બધા નિખાલસતાથી વાત નો સ્વીકાર કરી શકતા અને તેનું સમાધાન થતું એ ઉત્તમ વાત કહેવાય.

જાતકોમાં બીજા ક્રમે બુદ્ધના જન્મજાત કાયમી શત્રુ દેવદત્તનો આવે છે. બુદ્ધનાં સમયકાળમાં માત્ર બિહારમાં જ ૬૪ સંપ્રદાયો હતા. જે પરસ્પર નાના-મોટા વિખવાદો કરતા રહેતા. આ જાતકો વાંચનારને અનુભવાશે કે દુનિયા આજે છે તેવી જ અઢી હજાર વર્ષ પૂર્વે પણ હતી જ ખાસ કરીને માનવીય પ્રશ્નો માનવ ઇતિહાસથી ચાલ્યા આવે છે તે સ્વીકારવું જોઇએ.

આ જાતકો બહુ હળવાશથી કહેવાયા અને લખાયા છે. સાંભળનાર કે વાંચનાર ને જરાય ભાર ન લાગે. કેટલાક તો દાદીમાની વાતો જેવા છે. જે નાના બાળકોને રાત્રે સૂતાં પહેલાં સંભળાવી શકાય. તેથી તેની ઉપયોગીતા વધી જાય છે.

લગભગ બધાં જાતકોની એક જ ગંતવ્ય દિશા છે. દીધા લઇ લો. ગૃહત્યાગ કે પત્ની-પરિવારનો ત્યાગ કરી નિર્વાણ પ્રાપ્ત કરી લો. આ બધાને કારણે એક મોટું મોજું ઊભું થાય છે. સંસારમાં સુખ નથી બધું ક્ષણભંગુર છે. માટે નિર્વાણ પ્રાપ્ત કરો. આ જાતકોમાં કયાંક એવું નથી આવતું કે વીર બનો, બહાદૂર બનો, રાષ્ટ્ર રક્ષા કરો, રાષ્ટ્ર માટે શહિદ થઇ જાવ. તેવી પ્રેરણા આપનારા જાતકો જોવા મળતા નથી. જે રામાયણ અને મહાભારતમાં પ્રેરણા મળે છે. તે અહીં નથી. કારણ કે આ માત્ર ત્યાગમાર્ગ છે. જાતકોમાં કયાંક એવા જાતકો દેખાતા નથી કે લોકો સાહસિક બને, વૈજ્ઞાનિક બને, પ્રયોગશાળાઓ બનાવે કે પોતાના રાષ્ટ્રનો વિસ્તાર કરીને વિશ્વ વિજયી બને. આવા બધાં ક્ષેત્રોને ત્યાગ માર્ગથી મુક્ત રખાતાં લાગે છે. ઋષિ માર્ગનાં જીવનમાં બધાં આયામો વણી લેવાયા છે. જેમાં શસ્ત્રવિદ્યા, શસ્ત્ર પરિક્ષા, સ્વયંવરો, યુદ્ધો અને સત્યની સ્થાપના માટે દૈત્યોનો સંહાર પણ સ્વીકારાયો છે. તે અહીં નથી જોવા મળતો જો આ દૃષ્ટિએ જોવામાં આવે તો ઋષિ માર્ગ અને શ્રમણ માર્ગનો ભેદ સ્પષ્ટ થઇ શકે. ઋષિ માર્ગ જીવનના બધા આયામો સ્વીકારે છે. જયારે શ્રમણમાર્ગ માત્ર ત્યાગ દ્વારા પ્રાપ્ત થતા નિર્વાણને જ સર્વોચ્ચ મહત્ત્વ આપે છે. તેથી બંનેની પ્રેરણા ક્ષમતા પણ ભિન્ન ભિન્ન છે. જેના પરિણામ આપણે અનુભવીએ છીએ.

જેને બૌદ્ધ ધર્મ અને બુદ્ધના અંગત જીવન વિષે જાણવાની ઉત્સુકતા હશે તેને આ જાતકો વાંચવાથી કદાચ થોડોક લાભ થશે. તેવું લેખકનું માનવું છે. જો કે આ જાતક-ચિંતન વિચારકોને જરૂરથી ઉપયોગી થાય તેવું છે. બુદ્ધ-જાતક-ચિંતન : ૧ પુસ્તકના લેખન અને જાતક કથાઓનાં સંપાદનમાં સ્વામીજીએ ઘણો સુંદર પરિશ્રમયુક્ત પ્રયાસ કર્યો છે. જે બિરદાવવાને લાયક છે. ગુર્જરગ્રંથ રત્ન કાર્યાલયનું આ પ્રકાશ રસ ધરાવનારા સૌ માટે ઘણું ઉપયોગી સાબિત થશે તેમાં શંકાને સ્થાન નથી.

**બુદ્ધ-જાતક-ચિંતન : ૧ (જાતક કથાઓ)**
**લેખક - સ્વામી સચ્ચિદાનંદ**
**પ્રકાશક - ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૧**
**પૃષ્ઠ - ૩૪૪, કિંમત - રૂા. ૧૮૦/-**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

# આપણું વર્તમાન પરિક્ષા માળખું અને સંબંધિત બાબતો

**ચર્ચાસભા**
**- રાવલ કૃણાલ એમ.**

ગુજરાતમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરિક્ષાઓનો આરંભ થઇ ચુક્યો છે. આઝાદીના છ કરતાં વધુ દાયકા પુરા થયા તે પછી પણ ભારતીય શિક્ષણ પદ્ધતિ, પરિક્ષા પદ્ધતિ અને તંત્ર અંગ્રેજોએ કારકુનો પેદા કરવા માટે આપેલી સિસ્ટમમાંથી હજું બહાર આવ્યા નથી. બોર્ડની પરિક્ષાનો હાઉ અને પ્રક્રિયા એમના એમ જ છે. પરિક્ષા તો વિદ્યાર્થી આપે છે પરંતુ માતા-પિતા પણ અપેક્ષાઓના કારણે ચિંતાતૂર રહે છે. પરિક્ષામાં ઊંચા માર્કસ આવે તે માટે બાધાઓ પણ રાખવામાં આવે છે.

વિદ્યાર્થીને "ઓલ ધ બેસ્ટ" કહેવું ફરજિયાત બન્યું છે. સગાં સંબંધીઓ દુર હોય તો ફોન કરી બાળકને કહે છે, "બેટા ચિંતા ના કરીશ શાંતિથી પરિક્ષા આપજે." નજીકના સગાંસંબંધીઓ પરિક્ષાર્થીને રૂબરૂ મળી શુભેચ્છા પાઠવે છે. તથા અપેક્ષાનું પોટલું પણ પધરાવે છે. આ બધું ગંભીર વાતાવરણ જોઇ બાળક સ્વસ્થતાથી પરિક્ષા આપણા જવાના બદલે ડરીને તે જતો હોય છે.



વળી, આજે પણ જે પરિક્ષા લેવાય છે તે જ એક પ્રકારનો મેમરી ટેસ્ટ જ છે. વિદ્યાર્થીને કેટલું યાદ રહ્યું અથવા તો કેટલી ગોખણપટ્ટી કરી તેની જ પરિક્ષા છે. તે કેટલું સમજ્યો છે અને તેનામાં કેટલી સર્જનાત્મક શક્તિ છે. તેનો તો ટેસ્ટ લેવાતો જ નથી. વિદ્યાર્થી કંઇક શીખવા માટે નહીં માત્ર પરીક્ષા માટે જ ભણતો હોય છે. શિક્ષણ, ટ્યુશન, ગાઇડ્સ અને સ્યોર સજેસન્સ પણ પરિક્ષા લક્ષી જ થઇ રહ્યા છે. જૂન માસમાં શાળાઓ શરૂ થાય ત્યારથી વાલીઓ વિદ્યાર્થીના પાછળ પડી જાય છે. સ્પર્ધાના કારણે મોંઘીદાટ ટ્યુશનો રાખવા પડે છે. તેનો મતલબ એ છે કે સ્કૂલમાં વિદ્યાર્થીને બરાબર ભણાવવામાં આવતું નથી. અને ખામી ટ્યુશન દ્વારા પુરી કરવામાં આવેછે. આને પરિણામે જેમની પાસે પૈસા છે તે વાલીઓ જ હજારોની ફી ચુકવી બાળકને ટ્યુશનમાં મોકલે છે અને ગરીબ બાળકો આગળ ભણી શકતા નથી. આમ આપણું શિક્ષણ એ "બિંબાઢાળ" શિક્ષિત યુવા તૈયાર કરવાની ફેકટરી જેવો માલ તૈયાર થાય છે. આપણું શિક્ષણ ટકાવારીના પાયા પર રચાયેલું હોવાથી કેવળણી તથા સર્જનાત્મકતાને કોઇ અવકાશ નથી. આમ આપણા શિક્ષણે ડોકટર, એન્જિનીયર પેદા કર્યા પણ સારા માનવી બનાવવાની તક ગુમાવી છે.

હવે આશ્ચર્યની વાત એ છે કે દેશમાં જાહેર પરિક્ષાઓને જ મહત્ત્વ અપાય છે. જયારે શાળાકીય પરિક્ષાઓનું અગાઉ જેટલું મહત્ત્વ નથી, સરકારે ચોક્કસ અભ્યાસક્રમ, તેના ધારાધોરણો અને એક સિસ્ટમ આપવાની હોય છે. આઝાદી પછી બંધારણમાં શિક્ષણ એ રાજયોને અપાયેલો વિષય છે. તેથી એક ભારતનાં જુદા જુદા રાજયોમાં દરેક રાજય મરજી પડે તે રીતે શિક્ષણ વ્યવસ્થા ગોઠવે છે.

દા.ત. ગુજરાતમાં ઘણાં વર્ષો પહેલાં ફરજિયાત અંગ્રેજી વિષયની હકાલપટ્ટી થઇ તે કારણે ગુજરાતનો વિદ્યાર્થી હોંશિયાર હોવા છતાં અંગ્રેજીનાં જ્ઞાનના અભાવનાં કારણે પાછો પડે છે. લઘુતાંગ્રંથીથી પીડાયો છે. અને યુ.પી.એસ.સી.ની નવી પેટર્નમાં તો ગુજરાતનાં વિદ્યાર્થીને નાહી નાખવાનું જ આવ્યું છે. ગુજરાતના પૂર્વ રાજકારણીઓએ જેટલું નુકસાન ગુજરાતના વિદ્યાર્થીઓને પહોંચાડ્યું છે તેટલું કોઇએ પહોંચાડ્યું નથી. અને આ કારણે જ ગુજરાતના સચિવાલયમાં, યુ.પી., બિહાર, પંજાબ, હરિયાણા અને દક્ષિણ ભારતનાં રાજયોમાંથી આવતા આઇ.એસ. અધિકારીઓ શાસન ચલાવતા જણાય છે અને અંતમા વાત રહી પરિક્ષામાં ચાલતી વિવિધ ગેરરીતી અને અવ્યવસ્થાની. ગેરરીતીના કારણે નબળા વિદ્યાર્થીનું ઘણીવાર સારૂં પરિણામ આવે છે તથા હોંશિયાર વિદ્યાર્થીની સમકક્ષ બને છે. આમ આપણાં શિક્ષણ જગતે તે તરફ ધ્યાન આપવું છે. આમ આપણી શિક્ષણ પદ્ધતિ તથા વાલીઓ માટે વિદ્યાર્થીની વ્યથા સ્વરૂપે બે વાક્ય લખી શકાય.

"રિશ્વત દેના તો પાપાને શિખાયા
૯૦ માર્કર્સ લાઓગે તો ઘડી વરના છડી"

# વૃદ્ધાવસ્થાની પણ એક મજા હોય છે, જીવનભરના અનુભવો બાદ હવે શાણપણ આવ્યું હોય છે, એ શાણપણ એમને ઉદાર પણ બનાવે છે અને સાથે વ્યવહારૂં અને પ્રેક્ટિકલ પણ બનાવે છે

**હું રસ્તે રઝળતી વારતા**
**- અચના પટેલ**

અઢી હજાર વર્ષ અગાઉના એક ભૌતિકવાદી વાસ્તવવાદી ચિંતક ચાર્વાકે સૂચવ્યું હતું. યાવત જીવેત સુખ જીવેત! જયાં સુધી જીવો ત્યાં સુધી સુખી જીવો. ચાર્વાક એમ કહેવા માગતા હતા કે ફરિયાદો કરીને, ઊંહકારા કરીને , અતડા બનીને ન જીવો, પણ જીવનના આનંદ માણતા જીવો, સક્રિય રીતે જીવો, ફરજો બજાવતાં જીવો. આગળ જતાં કેટલાક લોકોએ ચાર્વાકના આ ઉત્તમ ઉપદેશને બદનામ કર્યો. એ તો દેવું કરીનેય ઘી પીવાનું સૂચવે છે. એવું અર્થઘટન કર્યું. વળી, કેટલાક લોકોએ અમુક ઉંમર પછી બાવા બની જવાનો, ન્યાસ ગ્રહણ કરવાનો ઉપદેશ આપ્યો. ભોયે સૂવું.

લઘુત્તમ વસ્ત્ર પહેરવા, ટાઢું સડેલું ખાવું, સતત ગંભીર રહેવું. આવતા ભવની કે પરલોકની ચિંતા કર્યા કરવી, નાટક-સિનેમા ટી.વી. ટાળવા, વગેરે વગેરે ઉપદેશ આપીને વૃદ્ધાવસ્થાને રણમાં ફેરવવા કોશિશ કરી. વળી, આ ઉપદેશ ધર્મના નામે અપાતો હોવાથી ઘણા એને પાળવા લાગ્યા. ખાસ કરીને સ્ત્રીઓને તો આવું રણ જેવું જીવન વૃદ્ધાવસ્થામાં જીવવા મજબૂર કરવામાં આવી. વૃદ્ધાને નગણ્ય બનાવી દેવામાં આવ્યાં.



ભૂતકાળમાં અને આજે પણ ઘણાં યુવાજનો માને છે કે વૃદ્ધજનો નકામા છે. નકામા બકબક કર્યા કરે છે, અને અર્થહીન ઉપદેશો આપ્યા કરે છે. આ યુવાજનો લગભગ કરી વિચારતાંય નથી કે ખુદ પણ વૃદ્ધ થવાના છે! એટલે વૃદ્ધાવસ્થાને એ લોકો તિરસ્કારણીય ગણે છે. પરંતુ અમારા બા-દાદીમા સદાય કહેતા કે ઘડપણ જ જીવનની સર્વોત્તમ મોસમ છે. ઘડપણ એ ઉંમર છે જયારે કશુંક મેળવી લેવાની ખેવના રહેતી નથી અને કશુંક આપવાની ઉદાહતા પ્રવર્તે છે. એ આપવાનું વાત્સલ્ય હોય, શિખામણ હોય, અનુભવોનો લાભ હોય કે જે કોઇ સંચિત સંપત્તિ હોય.

વૃદ્ધાવસ્થાની પણ એક મજા હોય છે. જીવનભરના અનુભવો બાદ હવે શાણપણ આવ્યું હોય છે. એ શાણપણ એમને ઉદાર પણ બનાવે છે અને સાથે વ્યવહારૂં અને પ્રેક્ટિકલ પણ બનાવે છે.

કેટલાક લોકો જીવનને વૃક્ષ સાથે સરખાવે છે અને કહે છે કે વૃક્ષ જેમ મોટું થાય તેમ વધારે ફળ આપે. વૃદ્ધાવસ્થા સૌથી વધુ ફળ આપનારી અવસ્થા છે. વળી જેમ વૃક્ષ ફળોથી લદાય તેમ વધુ ઝૂંકે છે એ જ રીતે, વૃદ્ધ વ્યક્તિ વધુ નમ્ર બને છે. કોઇ કોઇ અપવાદોને બાદ કરતાં તમે ઝઘડાળું વૃદ્ધો નહિ જુઓ. સંસારમાં જે ઝઘડાળું સાસુઓ હોય છે તે સાઠની અંદરની હોય છે. સાઠ-સિત્તેર પછીની વયની દાદીમાઓ કે વડસાસુ ઝઘડાખોર નથી હોતી. ફિલ્મોમાં અને ટીવી સિરીયલોમાં આ તથ્યની તમને પ્રતીતિ થશે.

વૃદ્ધાવસ્થામાં ઘણાં ખરા બહેનો કેટલીક શારીરિક મર્યાદાઓ અને શારીરિક પીડાઓ આવે છે. ઘણાંખરાંને સાંધાના, કમરનાં દુઃખાવા થાય છે. કોઇકને દમ કે ડાયાબિટીસ થાય છે. વાને કારણે અમુક અંગો જકડાઇ જવાનું બને છે. વજન ઊંચકવા જેવા કેટલાક કામ થઇ નથી શકતાં. આને માટે વૃદ્ધોએ જાતે તો દુઃખી થવાની જરૂર જ નથી. જેમણે જીવનભર સખત પરિશ્રમ કર્યો હોય એમને જ એવી તકલીફો નડે છે. એટલે એ તકલીફો તો એક સર્ટિફિકેટ છે કે વ્યક્તિએ સખત શ્રમ કર્યો છે. જેમ વીરતાનો ચંદ્રક હોય તેમ આ બધા શ્રમચંદ્રક છે. જેમણે એશઆરામની જિંદગી ગાળી હોય, માત્ર હુકમો જ કર્યા હોય એમને સાંધાના દુઃખાવા નહિ થાય. એમને અતિશય વજન વૃદ્ધિનાં અને કોલેસ્ટ્રોલ - વૃદ્ધિનાં પરિણામ સાંપડશે, જે શાના સર્ટિફીકેટ છે તે તમે જ વિચારી લેજો.

જાપાનમાં એક કહેવત છે : 'મૂર્ખાઓને માટે વૃદ્ધાવસ્થા એ કડકડતો શિયાળો છે. શાણાઓને માટે એ સુવર્ણકાળ છે.' એટલે વૃદ્ધાવસ્થાને તમે શાણપણની નજરે જુઓ છો કે મૂરખાઇની નજરે, એ અનુસાર તમે વૃદ્ધાવસ્થાને મૂલવી શકાશે. "આપણે આપણાં વિધાનોમાંથી, આપણી વાણીમાંથી હાર કે હતાશા સૂચવતાં વાકયોને દેશવટો આપી દેવાની જરૂર છે. મારાથી તો નહિ થાય, મારી તો ઉંમર થઇ, મારા પ્રયત્નોનો કશો અર્થ નથી, હવે નવું આદરવાનું શું હોય, હું તો ઘસાયેલી રેકોર્ડ છું, હું તો વીતી ચૂકેલો કાળ છું...

(અનુસંધાન પાના નં. ૬ પર)